ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૫૪/૨૨-૨૩/ 06 તારીખ : 21.02-23

**આર.પી.એ.ડી.**

કેસ નં.૫૪/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી સુભદ્રાબેન રમેશચંદ્ર ભટ્ટ,**
**હવેલી ચોક, દામોદરરાય મંદિરની બાજુમાં,**
**મું.તા.ઉના,**
**જી.ગીર સોમનાથ.**

**મો.નં-**

**વિષય : નવું વિજ જોડાણ આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૦/૦૯/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૯/૦૯/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૪/૨૨-૨૩/૩૨૩૪ તા.૦૬/૧૦/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૪/૨૨-૨૩/૩૭૫૩ તા.૧૯/૧૧/૨૦૨૨.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૪/૨૨-૨૩/૧૮૧ તા.૧૨/૦૧/૨૦૨૩.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૪/૨૨-૨૩/૪૧૭ તા.૩૧/૦૧/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૪/૦૨/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ઉના.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા હુકમમાં દર્શાવેલ તારણ ન. ૩.૪ અંગે જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી, ઉના.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૫૪/૨૨–૨૩**

વાદી :– **શ્રી સુભદ્રાબેન રમેશચંદ્ર ભટ્ટ,**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખઃ– તા.૧૪/૦૨/૨૦૨૩**

હાજર રહયા :– **શ્રી મનોજભાઈ રમેશભાઈ ભટ્ટ (વાદી ના પુત્ર)**

પ્રતિવાદી :– **શ્રી કે.કે.સોલંકી, નાયબ ઈજનેર, શહેર પેટા વિભાગીય કચેરી, ઉના.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સુભદ્રાબેન રમેશચંદ્ર ભટ્ટ, મું.તા.ઉના, જી.ગીર સોમનાથની નવું વિજ જોડાણ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૪/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૪/૨૨–૨૩/૩૨૩૪ તા.૦૬/૧૦/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૯/૧૨/૨૦૨૨, તા.૨૪/૦૧/૨૦૨૩ તથા તા.૧૪/૦૨/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૦૯/૧૨/૨૦૨૨,** ના રોજ વાદી ઉપસ્થિત રહેલ નહિ, પ્રતિવાદી તરફે નાયબ ઇજનેરશ્રી હાજર રહેલ, તા.૨૪/૦૧/૨૦૨૩ ની મુદતમાં વાદી શ્રી સુભદ્રાબેન રમેશચંદ્ર ભટ્ટ વતી તેમના પુત્ર શ્રી મનોજભાઈ રમેશભાઈ ભટ્ટ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે.કે.સોલંકી, નાયબ ઈજનેર, શહેર પેટા વિભાગીય કચેરી, ઉના ઉપસ્થિત રહેલ, **તથા તા.૧૪/૦૨/૨૦૨૩ની** સુનાવણીમાં વાદીને બોલાવવમાં આવેલ નહિ જયારે પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.બામભણીયા, કાર્યવાહક કાર્યપાલક ઈજનેર - વિભાગીય કચેરી ઉના ઉપસ્થિત રહેલ..

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી શ્રી સુભદ્રાબેન રમેશચંદ્ર ભટ્ટ, રહે.હવેલી ચોક, ઉના તા.ઉના ની સંદર્ભ નં–૬ થી તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ આપણી કંપનીના માનનીય એમ.ડી. સાહેબશ્રી ને મળેલ લેખિત ફરીયાદની વિગતવાર રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ વાદીશ્રી નો એક માલીકી કબ્જા ભોગવટાવાળો એક પ્લોટ ઉના શહેરમાં ગીર ગઢડા રોડ પર આવેલ છે. જે પ્લોટ નં–૨૯ સદર વાદી શ્રી એ શ્રી નિલેશભાઈ પરશોતમભાઈ બુહા, રહે. ઉનાવાળા પાસેથી રજી.વે.દ નં–૨૦૭૨ તા.૦૮/૦૯/૨૦૧૫ ના રોજ ખરીદ કરેલ છે. સદર પ્લોટ શ્રી નિલેશભાઈ પરશોતમભાઈ બુહા એ ઉનાની રે.સ. નં –૬૩૨/બ વાળી જમીન શ્રી ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉધોગ મંડળી લી.ઉના ની માલીકીની હતી.

૧.૩ સદર ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લીમીટેડના કર્મચારીઓએ સદર મંડળી માટે પોતાની બાકી રહેતી રકમ માટે હાઈકોર્ટ સમક્ષ સ્પે.આ.એ.નં-૬૦૬૪/૨૦૦૮ દાખલ કરી આ સદર કેસનો નિર્ણય આવતા નામદાર હાઈકોર્ટે કરેલા આદેશો અન્વયે સદરહુ પ્લોટને ફાળવવામાં આવેલ નવા અવિભાજ્ય શરતની જમીન નિકાલ કરવાની મંજૂરી હાથ ધરાયેલ. જે મંજૂરીના આધારે નાયબ કલેકટરશ્રી વેરાવળને સદરહુ મંડળીના રે.સ નં-૬૩૨/બ ના નગર નિયોજકશ્રી, જુનાગઢ મારફત તૈયાર કરવામાં આવેલ લે આઉટ પ્લાન મુજબ પ્લોટ નં-૧ થી ૩૮ ની કુલ જમીન ૩૮૬૪.૭૫ ચો.મી.ની રહેણાંક હેતુ માટે જુની શરતે ફાળવવા માટે હરરાજીની કાર્યવાહી કરવા અંગેની સુચના આપવામાં આવેલ એ અનુસંધાને નાયબ કલેકટરશ્રી, વેરાવળ એ જાહેરનામા બહાર પાડેલા અને તેમાં ઉંચી બોલી બોલતા લોકોને વેચાણ આપેલ તેમ સદર પ્લોટનું વેચાણ કરવામાં આવેલ. જે જમીનમાંથી પ્લોટ નં-૨૯ વાદીશ્રી એ ઉપરોકત જણાવેલ પુરોગામી માલીક પાસેથી ખરીદેલ.

૧.૪ ત્યારબાદ, વાદીશ્રી એ પીજીવીસીએલ પાસે વિજ કનેકશન મેળવવા માટે અત્રેના તાબા હેઠળની ઉના શહેર પેટા કચેરીમાં અરજી કરેલ. પરંતુ, ઉપરોકત રે.સ.નં-૬૩૨/બ વાળી જમીન ઉપર પીજીવીસીએલ કંપનીનું લેણું બાકી હોય, વાદીશ્રી ને વિજ કનેકશન આપવામાં આવશે નહી તેવું જણાવેલ.

૧.૫ પરંતુ, વાદીશ્રી ની રજૂઆત મુજબ આજ રે.સ.નં.વાળી બિન ખેતી જમીનમાં અન્ય પ્લોટ ધારકોને વિજ કનેકશન આપેલા છે અને જો પીજીવીસીએલ કંપની નું મૂળ માલીક (ઉના ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લીમીટેડ) પાસે થી લેણું બાકી છે તે ખબર હોવા છતાં, જયારે સદર સર્વે નંબર બિન ખેતી થયેલ ત્યારે '' નો ઓબ્જેકશન સર્ટીફીકેટ '' કેમ આપેલ અને પીજીવીસીએલ કંપનીનું લેણું બાકી છે તે ખ્યાલ હોવા છતાં અન્ય પ્લોટ ધારકોને કઈ રીતે કનેકશન આપી દીધેલ છે.

૧.૬ વધુમાં, વાદીશ્રી ની રજૂઆત મુજબ સદર સર્વે નંબર-૬૩૨/બ ઉપર બાકી લેણું મુળ માલિક શ્રી ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લીમીટેડ નું છે. તેમજ આ જમીન રહેણાંકીય હેતુ માટે બિનખેતી કરતી વખતે કલેકટરશ્રી એ લાગુ પડતી તમામ સંસ્થાઓનું ''નો ઓબ્જેકશન સર્ટીફીકેટ'' મેળવેલ છે ત્યારબાદ, સદર જમીન રહેણાંકીય હેતુ માટે બિનખેતી કરેલ છે. જેમાં, એન.ઓ.સી પીજીવીસીએલ વિજ કંપનીએ પણ આપેલ છે અને પીજીવીસીએલ વિજ કંપનીએ કોઈ વાંધો તકરાર લીધેલ નથી.

૧.૭ વધુમાં, વાદીશ્રી એ અન્ય રજૂઆતમાં વાદીશ્રી એ જણાવેલ કે, ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લીમીટેડ પાસે બિન ખેતીની અન્ય ઘણી જ જમીનો અને મિલ્કતો આવેલ છે તેના ઉપરથી પણ પીજીવીસીએલ કંપની લેણું વસુલી શકે છે તેમ છતાં, તેમને ખોટી રીતે હેરાન કરી સદર સર્વે નંબર-૬૩૨/બ ના તેમના માલીકી ની મિલ્કતમાં પીજીવીસીએલ કંપની વિજ કનેકશન આપતી નથી.

૧.૮ વધુમાં,વાદીશ્રીની રજૂઆત મુજબ કોઈપણ મિલ્કત ઉપર અગાઉના કબ્જેદાર તથા માલીકનું લેણું હાલના કબજેદાર કે માલીક ઉપર વસુલ કરી શકાય નહી તેવું અનેક નામદાર કોર્ટે પણ જણાવેલ છે.

૧.૯ ઉપરોકત ફરીયાદના અનુસંધાને તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી ની વિભાગીય કચેરી,મહુવા ખાતે શ્રી ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભાવનગર દ્વારા થયેલ બેઠકમાં સદર કેસ બાબતે સંલગ્ન સદર અરજી માં વાદી શ્રી સુભદ્રાબેન રમેશચંદ્ર ભટ્ટના પ્રતિનિધિ દ્વારા મૌખિક રજૂઆતમાં જરૂરી આધાર પુરાવા રજૂ કરેલ.

Grievance Redressal Forum
PGVCL
Bhavnagar

જેમાં, વાદીશ્રી ના પ્રતિનિધિ એ જણાવેલ કે, ઉપરોક્ત સ્યુગર ફેકટરી ના ઉના રે.સ.નં–૬૩૨/બ સર્વે નંબરમાં પીજીવીસીએલ ની કચેરી દ્વારા અન્ય બે વ્યકિત (૧) શ્રી લાલજીભાઈ ભાયાભાઈ ઝાલાવડીયા તેમજ (૨) શ્રી પાઠક મહેશચંદ્ર દેવશંકરને ઘર વપરાશ માટેના વિજ જોડાણ અપાયેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય ઉપરોક્ત વાદીશ્રી ની રજૂઆતના અનુસંધાને જણાવવાનું કે, સદર બાબતે નાયબ ઈજનેરશ્રી, ઉના સીટી ના સંદર્ભ પત્ર નં–૩ માં જણાવ્યા મુજબ તેઓએ સંદર્ભ પત્ર નં–૨ થી તા.૩૦/૦૮/૨૦૧૭ ના રોજ વાદીશ્રીને જણાવેલ કે, ઉના શહેર પેટા કચેરીના રેકર્ડની ચકાસણી કરતા, સદર ઉના તાલુકા ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લીમીટેડની જમીનના રેવન્યુ સર્વે નંબર–૩૩૭/અ(૧૦૦૮),૩૩૭/બ (૧૦૦૮), ૩૬૨/પી/૧/(૧૦૦૮), ૬૩૨/અ/(૧૦૦૮), ૬૩૨/બ/(૧૦૦૮), ઉપર પીજીવીસીએલ કંપનીનું દાવા નં–૧૩/૨૦૦૧ ની રકમ રૂા.૧૮,૦૯,૭૦૮/૮૪ શ્રી નામદાર વેરાવળ કોર્ટના તા.૦૭/૦૫/૨૦૦૪ ના હુકમ મુજબ જપ્તી દરખાસ્ત નંબર – ૦૫–૨૦૧૦ થી રકમ રૂા.૫,૦૭,૨,૬૨૫/૦૯ નું નીકળતું લેણું બાકી છે.

૨.૨ ઉપરોક્ત બાકી લેણાં માટે ગુજરાત સરકાર ગેઝેટ ના સપ્લાય કોડના સેકશન–૪ ના કલોઝ નં–૪.૬ મુજબ પીજીવીસીએલનું જે જગ્યા પર લેણું હોય તે જગ્યા પર મીટર આપી શકાય નહી જે દાવા દરખાસ્ત અંગેના તેમજ અન્ય સરકારી કચેરી સાથે થયેલ પત્ર વ્યવહારના સાધનીક કાગળો આ સાથે સામેલ છે.

૨.૩ તેમજ વાદીશ્રી ની અન્ય રજૂઆત મુજબ સદર બિનખેતી જમીનમાં અન્ય પ્લોટ ધારકોને વિજ કનેકશન અત્રેની વિજ કંપની એ આપેલ છે. પરંતુ, સદર સર્વે નંબર વાળી જગ્યા ખૂબ વિશાળ હોય, તેમજ વાદીશ્રી સદર જગ્યા પર અન્ય ને અપાયેલ વિજ કનેકશન માટે કોઈ નામ કે ગ્રાહક નંબર નો ઉલ્લેખ કરેલ ના હોય, જેના અનુસંધાને સંદર્ભ પત્ર નં–૪ થી અત્રેના તાબા હેઠળની ઉના સીટી પેટા કચેરીએ વાદીશ્રી પાસેથી સત્વરે વિગત મંગાવેલ હતી. જેથી તેમની ફરીયાદનો વહેલીતકે નિકાલ લાવી શકાય.

૨.૪ જે અનુસંધાને તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીઅલ વિભાગીય કચેરી મહુવા ખાતે શ્રી ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભાવનગર દ્વારા થયેલ બેઠકમાં સદર કેસ બાબતે સંલગ્ન સદર અરજીમાં વાદીશ્રી સુભદ્રાબેન રમેશચંદ્ર ભટ્ટ ના પ્રતિનિધિ દ્વારા મૌખિક રજૂઆતમાં જરૂરી આધાર પુરાવા રજૂ કરેલ. જેમાં, વાદીશ્રીના પ્રતિનિધિ એ જણાવેલ કે, ઉપરોક્ત સ્યુગર ફેકટરની ઉના રે.સ.નં–૬૩૨/બ સર્વે નંબરમાં પીજીવીસીએલની કચેરી દ્વારા અન્ય બે વ્યકિત (૧) શ્રી લાલજીભાઈ ભાયાભાઈ ઝાલાવડીયા તેમજ (૨) શ્રી પાઠક મહેશચંદ્ર દેવશંકરને ઘરવપરાશ માટેના વિજ જોડાણ અપાયેલ છે. તેમની તપાસ કંપની ના નિયમ મુજબ ચાલુ છે.

૨.૫ આમ, ઉપરોક્ત વાદીશ્રીને જયાં સુધી કંપનીનું લેણું ભરપાઈ ન થાય ત્યાં સુધી સદર જગ્યા પર નવું વિજ જોડાણ આપી શકાય નહી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ વાદી અરજદાર સુભદ્રાબેન રમેશચંદ્ર ભટ્ટ દ્વારા પ્લો.ન. ૨૯ માં નવા વીજ કનેક્શનની માંગણી કરતા પ્રતિવાદી પી.જી.વી.સી.એલ. દ્વારા તે જગ્યા પર અગાઉનું લેણું બાકી હોઈ કનેક્શન ન આપતા ફોરમને રજૂઆત કરેલ છે.

3.૨ ઉપરોક્ત કેસમાં રૂબરૂ રજૂઆત માટે તા. ૦૯.૧૨.૨૨ તા. ૨૪.૦૧.૨૨૩ તેમજ તા. ૧૪.૦૨.૨૩ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ તા. ૦૯.૧૨.૨૨ની સુનાવણીમાં વાદી હાજર રહેલ નહિ પ્રતિવાદી હાજર રહેલ, તા. ૨૪.૦૧.૨૩ ની મુદતમાં વાદીના પુત્ર હાજર રહેલ જયારે પ્રતિવાદી તરફે શ્રી કે.કે. સોલંકી – ના.ઈ. ઉના શહેર પે.વી. કચેરી હાજર રહી રજૂઆત કરેલ જેમાં પ્રતિવાદીને કેસને લગતા વધુ દસ્તાવેજી પુરાવાઓ મેળવી રજુ કરવા જણાવવામાં આવેલ, આજરોજની તા. ૧૪.૦૨.૨૩ની સુનાવણીમાં વાદીની રજૂઆત અગાઉ સાંભળેલ હોઈ બોલાવવામાં આવેલ ન હતા જયારે પ્રતિવાદી તરફથી શ્રી એમ. વી. બાંભણિયા કાર્યવાહક કાર્યપાલક ઈજનેર હાજર રહી રજુઅતો કરેલ.

3.3 પ્રસ્તુત કેસમાં રજુ થયેલ તમામ દસ્તાવેજો તથા મોખિક અને લેખિત રાજુઅતોને ધ્યાને લેતા ફોરમને જણાય છે કે વાદીદ્વારા માંગણી કરવામાં આવેલ વીજ કને.પ્લોટ ન. ૨૯ કે જે ઉના ખાતે રે. સ.ન. ૬૩૨/બ નો એક ભાગ છે જે અગાઉ ઉના તાલુકા ખેડૂત સરકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. ના કબ્જા હેઠળની હતી તથા તેના પર પી.જી.વી.સી.એલ નું લેણું બાકી હોઈ દાવો ચાલી જતા નામ. વેરાવળ કોર્ટના તા. ૦૭.૦૫.૨૦૦૪ માં હુકમ મુજબ જપ્તી દરખાસ્ત ન. ૦૫-૨૦૧૦ થી રકમ રૂ. ૫૦,૭૨,૬૨૫=૦૯ નું લેણું બાકી નીકળે છે આમ, સદરહુ પ્લોટ ન. ૨૯ જેમાં સમાવિષ્ટ થયેલ તે સ.ન. ૬૩૨/બ પર હાલ પીજીવીસીએલનું લેણું બાકી છે, આમ, પ્રતિવાદી દ્વારા જી.ઈ.આર.સી.ના સપ્લાઈ કોડ ૪/૨૦૧૫ ના ક્લોઝ ન. ૪.૬ મુજબ " જે-તે જગ્યા પર લેણું બાકી હોઈ કનેક્શન આપવામાં આવેલ નથી. પીજીવીસીએલની કાર્યવાહી આ તબક્કે યોગ્ય જણાય છે.

3.૪ વાદી દ્વારા ઉપરોક્ત ૨.૪ મુજબના વિવાદિત સ.ન. ના અન્ય પ્લોટ પર પ્રતિવાદી દ્વારા કનેક્શન આપવામાં આવેલ હોવાની રજૂઆત કરેલ છે જે અંગે પ્રતિવાદીને ૩ બેઠક દરમ્યાન તક આપવા છતાં કોઈ સંતોષકારક ખુલાસો કરી શકેલ નથી અને હકીકત છુપાવવાનો પ્રયત્ન કરતા હોઈ તેવું ફોરમને જણાય છે, આથી પ્રતિવાદી પીજીવીસીએલને વાદીએ દર્શાવ્યા મુજબના કનેક્શનની બાબતે તપાસની કાર્યવાહી પૂર્ણ કરી બેજવાબદારો સામે ખાતાકીય કાર્યવાહી કરી ફોરમને દિવસ-૩૦માં અહેવાલ કરવા જણાવવામાં આવે છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં "3.3 અને 3.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ००૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કંું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૪/૦૨/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar